Globe Textiles
( India ) Ltd.
Superior Quality

Corporate Identity Number [CIN] :
L65910GJ1995PLC027673
LEI number: 335800UAA56QEMMIZL77
Regd. Office & Unit :
Plot No. 38 To 41, Ahmedabad
Apparel Park, GIDC , Khokhra,
Ahmedabad-380021,
Gujarat-INDIA.
Tel. : 0091-79-2293 1881 To 1885
Email: info@globetextiles.net,

**Date: May 18, 2022**

**To,**
**National Stock Exchange Limited**
**Exchange Plaza, Bandra – Kurla Complex,**
**Bandra (East),**
**Mumbai – 400 051**

Dear Sir,

**Sub: Newspaper Cutting - Publication of Audited Financial Results for the quarter and year ended on March 31, 2022**
**NSE Symbol: GLOBE**

With reference to above captioned subject, we hereby submit Newspaper Advertisement for Audited Financial Result for the quarter and year ended on March 31, 2022, approved in Board Meeting held on May 16, 2022 and published in Free Press Gujarat (English) and Lokmitra (Gujarati) edition published on May 18, 2022.

Please take the same on your record.

Thanking you,

Yours faithfully,
**For, Globe Textiles (India) Limited**

GLOBE TEXTILE INDIA LTD. AHMEDABAD

**Faruk Diwan**
**Company Secretary**

**Encl. as above**

# વડાપ્રધાને વિજેતા ટીમ અને કોચને પ્રધાનમંત્રી આવાસમાં આમંત્રણ આપ્યું

**વડાપ્રધાન મોદીએ થોમસ કપ ૨૦૨૨ વિજેતા ટીમ અને કોચ સાથે ટેલીફોનિક ચર્ચા કરી**

નવીદિલ્હી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ થોમસ કપમાં ઐતિહાસિક વિજય મેળવનારી ભારતીય બેડમિંટનની ટીમને ફોન પર અભિનંદન પાઠવીને તેમની સાથે સંવાદ કર્યો હતો. પ્રધાનમંત્રી ટીમને ખૂબ જ અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે, રમતના સમીક્ષકોએ હવે આ જીતને ભારતની રમતજગતની સૌથી શ્રેષ્ઠ જીત તરીકે ગણવી પડશે. તેમણે કહ્યું હતું કે, તેમને ખાસ એ વાતની ખુશી છે કે, એકપણ રાઉન્ડમાં ભારતની ટીમનો પરાજય થયો નથી. પ્રધાનમંત્રીએ ખેલાડીઓને પૂછ્યું હતું કે, તેમને કયા તબક્કે લાગ્યું હતું કે, તેઓ વિજય તરફ આગળ વધી રહ્યા છે. કિદાંબી શ્રીકાંતે તેમને માહિતી આપી હતી કે, ક્વાર્ટર ફાઇનલમાં વિજય મેળવ્યા પછી આ વિજય યાત્રા છેવટ સુધી ચાલુ રાખવાની ટીમની મક્કમતા વધુ મજબૂત બની હતી. તેમણે પ્રધાનમંત્રીને એવું પણ કહ્યું હતું કે, ટીમના જુસ્સાએ ઘણી મદદ કરી અને દરેક ખેલાડીએ પોતાનું ૧૦૦ ટકા પરફોર્મન્સ આપ્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, બધા કોચ પણ તમામ પ્રશંસાને પાત્ર છે. પ્રધાનમંત્રીએ લક્ષ્ય સેનને કહ્યું હતુ કે, તેમણે હવે અલમોરાની 'બાલ મીઠાઇ' ખવડાવવી પડશે. આ ટોચનો શટલર દેવભૂમિ ઉત્તરાખંડનો વતની છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, લક્ષ્ય ત્રીજી પેઢીનો ખેલાડી છે. લક્ષ્ય સેને માહિતી આપી હતી કે, તેના પિતા ટુર્નામેન્ટ વખતે ઉપસ્થિત હતા. તેમણે શ્રીકાંતનો પણ જુસ્સો વધાર્યો હતો અને કહ્યું હતું કે, ક્વાર્ટર ફાઇનલ પછી જીતનો વિશ્વાસ વધારે મક્કમ બન્યો હતો. ક્વાર્ટર ફાઇનલમાં વિજય મેળવવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમાં જીતી ગયા પછી, તે સ્પષ્ટ થઇ ગયું હતું કે ભારતીય ટીમ કોઇપણ ટીમને ટક્કર આપી શકે તેવી સ્થિતિમાં છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ટીમના સહકારના કારણે મલેશિયા જેવી મજબૂત ટીમને હરાવવાનું શક્ય બન્યું હતું. પ્રધાનમંત્રીએ સાત્વિક સાઇરાજ રાંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીને પણ વિજય પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રીએ ચિરાગ શેટ્ટી સાથે મરાઠી ભાષામાં વાત કરી હતી, જેમણે તેમને માહિતી આપી હતી કે, વિશ્વ ચેમ્પિયન બનવા કરતાં ટોચનું બીજું કંઇ જ નથી, તે પણ ભારતમાંથી. "તમે બધાએ આવી મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આખી ટીમ અભિનંદનને પાત્ર છે." પ્રધાનમંત્રીએ તેમની સાથે વધુ વાત કરવા અને તેમના અનુભવો સાંભળવા માંગતા હોવાથી ટીમ ભારત પરત ફરે તે પછી ખેલાડીઓને તેમના કોચ સાથે પોતાના નિવાસસ્થાને આવવા માટે આમંત્રણ આપ્યું હતું. પ્રધાનમંત્રીએ બેડમિંટન, ટેબલ ટેનિસ અથવા સ્વિમિંગ જેવી રમતોમાં ભાગ લેવા માટે ઉભરતા ખેલાડીઓ અને નાના બાળકો માટે વિજયી ટીમને કોઇ સંદેશ આપવા માટે કહ્યું હતું. શ્રીકાંતે ટીમ અંગે વાત કરતા કહ્યું હતું કે, આજે ભારતમાં રમતગમત ક્ષેત્ર માટે ઉત્કૃષ્ટ સહકાર આપવામાં આવે છે. ભારતીય રમતગમત સત્તામંડળ, સરકાર, રમતગમત સંઘો અને ચુનંદા સ્તરે- ટાર્ગેટ ઓલિમ્પિક્સ પોડિયમ સ્કીમ(ટૉપ્સ)જીના પ્રયાસોને કારણે ખેલાડીઓ ખૂબ જ સારી રીતે સહકાર મળી રહ્યો હોવાનું અનુભવી રહ્યા છે. જો આ રીતે સહકાર મળવાનું ચાલુ રહેશે, તો અમને લાગે છે કે, ભારતને ઘણા વધુ ચેમ્પિયન મળશે. તેમણે પોતાની પસંદગીની રમત રમતા નાના બાળકોને કહ્યું હતું કે, જો રમતગમત ક્ષેત્રે તેઓ પોતાના તરફથી ૧૦૦ ટકા પરફોર્મન્સ આપી શકે તો ભારતમાં તેમના માટે ખૂબ જ મોટાપાયે સહકાર ઉપલબ્ધ છે. સારા કોચ અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ છે, જો તેઓ રમત માટે કટિબદ્ધ હોય તો તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ સારું પરફોર્મન્સ આપી શકે છે. કિદાંબી શ્રીકાંતે જણાવ્યું હતું કે, "જો તેઓ ૧૦૦ ટકા સમર્પણ સાથે કામ કરી શકે, તો તેઓ ચોક્કસપણે સફળતા પ્રાપ્ત કરશે". પ્રધાનમંત્રીએ ખેલાડીઓના માતા-પિતા માટે પણ તેમના તરફથી સાદર અને પ્રશંસાની લાગણી વ્યક્ત કરી હતી કારણ કે બાળકોને રમતગમત ક્ષેત્રમાં પ્રોત્સાહન આપવું અને છેવટ સુધી તેમની સાથે રહેવું એ પણ એક પડકારજનક કામ છે. પ્રધાનમંત્રી તેમની સાથે તેમની આનંદની ઉજવણીમાં જોડાયા હતા અને કૉલના અંતે 'ભારત માતા કી જય'ના નારા લગાવ્યા હતા.

## નાણાકીય વર્ષ ૨૨માં શ્રી કેશવ સીમેન્ટ એન્ડ ઈન્ફ્રાના વેચાણમાં ૪૩ ટકાની વૃદ્ધિ

અમદાવાદ, કર્ણાટક રાજ્યમાં સીમેન્ટના ઉત્પાદન અને સૌર વીજ ઉત્પાદન તથા વિતરણમાં કાર્યરત શ્રી કેશવ એન્ડ ઈન્ફ્રા લિમિટેડ (બીએસઈ – ૫૩૦૯૭૭)એ નાણાકીય વર્ષ ૨૨ના ૧૨ મહિના તથા ચોથા ત્રિમાસિક સમય માટે તેના ઓડિટ કરાવેલા નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય વર્ષ ૨૨ માટે સીમેન્ટનું વોલ્યુમ ૩૩.૪૪ ટકાની વૃદ્ધિ સાથે ૨,૨૬,૯૫૯ એમટી થયું જ્યારે સૌર વીજ ઉત્પાદન ૨૨.૨૦ ટકા વધીને ૪૫,૪૫૪ KWh રહ્યું. વર્ષ દરમિયાન કંપનીએ રૂ. ૪૦.૦૦ કરોડની ટર્મ લોન સાથે તેની સૌર વીજ ઉત્પાદન ક્ષમતામાં ૧૨ મેગાવોટનો વધારો કર્યો. નાણાકીય વર્ષ ૨૨ના ચોથા ત્રિમાસિક માટે મહત્વની હાઈલાઈટ્સ : નાણાકીય વર્ષ ૨૨ના ચોથા ત્રિમાસિક સમય માટે EBITDA અને PAT માર્જિન અનુક્રમે ૩૦.૭૫ ટકા અને ૧૦.૫૧ ટકા રહ્યા. નાણાકીય વર્ષ ૨૨ના ચોથા ત્રિમાસિક સમય માટે સીમેન્ટ કારોબારનું યોગદાન ૧૨.૭૮ કરોડ અને સૌર વીજ કારોબારનું યોગદાન ૫.૮૦ કરોડ રહ્યું. કંપનીના દેખાવ અંગે ટીપ્પણી કરતાં શ્રી કેશવ સીમેન્ટ એન્ડ ઈન્ફ્રા લિ.ના ચેરમેન શ્રી વેંકટેશ કટવાએ જણાવ્યું હતું કે, 'નાણાકીય વર્ષ ૨૨ અમારા માટે સિમાચિહ્નરૂપ રહ્યું હતું. અમે સૌપ્રથમ વખત રૂ. ૧૦૦ કરોડથી વધુની આવકનો આંક વટાવ્યો હતો અને રૂ. ૧૧૬.૦૯ કરોડની આવક કરી હતી તેમજ PAT રૂ. ૯.૧૦ કરોડ થયો હતો, જે અમારા માટે એક મોટું સિમાચિહ્નરૂપ છે. (૧-૭)

## નાગરિકોના સ્વાસ્થ્ય સંદર્ભેની કામગીરીઅંગે USFDA અને FDCA ગુજરાત સંસ્થા વચ્ચે વિચાર-વિમર્શ




અમદાવાદ, યુ.એસ. ફૂડએન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનની ટીમ આજથી ત્રણ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવી છે. આ ટીમે આજે ગુજરાતના ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલની ટીમ સાથે લોકોના સ્વાસ્થ્ય સંદર્ભેની કામગીરી, પડકારો અને કાયદામાં આવતા સુધારા-વધારા અંગે વિચાર-વિમર્શ શરૂ કર્યો છે. જેના થકી બંને સંસ્થાઓના અધિકારીઓના નોલેજમાં વધારો થશે અને લોકોને ઉતમ સ્વાસ્થ્ય પુરૂ પાડવામાં મદદગાર પૂરવાર થશે. આ બંને સંસ્થાઓ બેસ્ટ પ્રેક્ટિસિસનું એકબીજા સાથે આદાન પ્રદાન કરશે. રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર શ્રી એચ.જી. કોશિયા આ અંગે વિગતો આપતાં કહ્યું કે,આ મુલાકાત દરમિયાન FDCA ગુજરાતઅને USFDAના અધિકારીઓ ડ્રગ ઈન્સ્પેક્શન લાઈફ સાઈકલઃ સાઈટ પસંદગી, આયોજન, અમલીકરણ, રિપોર્ટિંગ, મૂલ્યાંકન અને રેગ્યુલેટરી એકશન, કેસસ્ટડી ઉપર ચર્ચા કરશે અને યુએસએફડીએની આગેવાની હેઠળના થતા ઈન્સ્પેકશનમાં ગુજરાત FDCAના અધિકારીઓએ ભાગ લઈ સવિશેષ ચર્ચા વિચારણા હાથ ધરશે. આ બેઠક દરમિયાન USFDAના ડૉ. સારહ મેક્મુલન, USFDA; ડૉ. નાટાલી મીકેલસન, એક્ટીંગ ડેપ્યુટી ડાયરેક્ટર; ડૉ. ફીલીપ ન્યુએન, એક્ટીંગ આઈઆરએસ તથા અન્ય સભ્યો સહિત ગુજરાત FDCAના ફૂડ એન્ડ ડ્રગના સિનિયર અધિકારીઓ અને ડ્રગ્ઝ કન્ટ્રોલર, ઈન્ડિયા દ્વારા પ્રતિનિયુકત ડ્રગ્ઝ અધિકારીઓએ ભાગ લઈ બંને નિયમન કારીસંસ્થાઓ વચ્ચે ટેકનિકલ એડવાન્સમેન્ટ અને અન્ય કાયદાકીય સંબંધિત માહિતી અંગે વિચાર વિમર્શ કરશે.

### દેશમાં માત્ર ગણતરીના દિવસોમાં મોસમ બદલાશે

## દેશમાં ગાજવી સાથે વરસાદ, તોફાન-વંટોળ જોવા મળશે


નવીદિલ્હી, હવામાન વિભાગની આગાહી પ્રમાણે, પહાડી રાજ્યોથી લઈને યૂપી સુધી ઘણા રાજ્યોમાં વરસાદ અને વાવાઝોડું ત્રાટકવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. હવામાન વિભાગે જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ૧૬ અને ૧૭ મેના રોજ ગાજવીજ સાથે વરસાદ, વીજળી પડવાની સંભાવના અને વાવાઝોડાની આગાહી કરી છે. ઉત્તર પંજાબ અને પૂર્વી ઉત્તર પ્રદેશમાં પણ ૧૬ અને ૧૭ મેના રોજ સામાન્ય વરસાદની સંભાવના દર્શાવી છે. હરિયાણા, પશ્ચિમી ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ૧૬ મેના રોજ આંધી-તોફાનની સંભાવના છે. જ્યારે, ઉત્તરી રાજસ્થાન અને ઘણા વિસ્તારોમાં ૧૪ અને ૧૫ મેના રોજ ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ધૂળની ડમરીઓ ઉડવાનું અનુમાન લગાવ્યું છે. ૧૫ મે એટલે કે આજે મોસમની વાત કરીએ તો દિલ્હી સાથે જોડાયેલા પશ્ચિમી યૂપીના ગાજિયાબાદમાં આજે ન્યૂનતમ પારો ૩૦ ડિગ્રી અને સૌથી વધુ તાપમાન ૪૪ ડિગ્રી રહેવાનું અનુમાન લગાવ્યં છે. આ રીતે પહાડોની રાણી શિમલામાં આજે ન્યૂનતમ તાપમાન ૧૬ ડિગ્રી અને સૌથી વધુ તાપમાન ૨૬ ડિગ્રી તો મનાલીમાં ન્યૂનત તાપમાન ૧૪ અને અધિકત્તમ ૨૭ ડિગ્રી રહેવાની સંભાવના છે.

ચોમાસું પ્રથમ દક્ષિણ આંદામાન સમુદ્રમાં દસ્તક આપશે અને ચોમાસાના પવનો પછી બંગાળની ખાડીમાં ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે. એવું માનવામાં આવે છે કે દક્ષિણ પશ્ચિમ ચોમાસું ૨૨ મેની આસપાસ આંદામાન સમુદ્રમાં આવી શકે છે. IMD એ જણાવ્યું કે ભૂમધ્ય પવનો તીવ્ર થવાની સાથે દક્ષિણ પશ્ચિમ ચોમાસાનો વરસાદ દક્ષિણ આંદામાન સમુદ્ર, નિકોબાર ટાપુઓ અને દક્ષિણપૂર્વ બંગાળની ખાડીના ભાગોમાં ૧૫ મેની આસપાસ થવાની સંભાવના છે. જોકે, આઈએમડીએ જણાવ્યું છે કે ગત વર્ષના આંકડાઓથી ખબર પડે છે કે અંડમાન સાગરમાં વરસાદ આવવાની તારીખનું કેરળના મોનસૂનની શરૂઆત સાથે કોઈ લેવા દેવા નથી.હવામાન વિભાગ દ્વારા એક ખુશખબરી આપવામાં આવી છે. દેશમાં કાળઝાળ ગરમીના કારણે અનેક રાજ્યોમાં લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. દેશના અમુક રાજ્યોમાં સૌથી વધુ ૫૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે, જ્યારે ઓછામાં ઓછું ૪૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે દેશના અમુક રાજ્યો જેવા કે યૂપી, ઉત્તરાખંડ, હરિયાણા, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશમાં મોસમ કરવટ બદલવાની આશા સેવી છે. બીજી બાજુ દક્ષિણ પશ્ચિમ ચોમાસું આ વર્ષે જલ્દી દસ્તક આપે તેવા એંધાણ આપ્યા છે અને લોકોને ગરમીથી રાહત મળશે. IMD એ શુક્રવારે જાહેરાત કરી હતી કે બહુપ્રતીક્ષિત દક્ષિણ- પશ્ચિમ ચોમાસું કેરળમાં ૨૭ મેના રોજ દસ્તક આપી શકે છે. તમને જણાવી દઈએ કે સામાન્ય રીતે કેરળમાં ૧ જૂનની આસપાસ દસ્તક આપે છે.

## નિકાસ પર પ્રતિબંધની અસરથી સ્થાનિક બજારમાં ઘઉં સસ્તા થશે : ખાદ્ય સચિવ

નવીદિલ્હી, ભારતમાં ઘઉંના ઉત્પાદનમાં થોડો ઘટાડો થવા સાથે વૈશ્વિક પુરવઠામાં ઘટાડો થવાને કારણે પણ તેની કિંમતોમાં પણ વધારો થયો છે. આ જ કારણ છે કે, ગયા મહિને ઘઉં અને લોટના સ્થાનિક ભાવમાં પણ વધારો થયો હતો. ખાદ્ય સચિવે જણાવ્યું હતું કે, ભારતમાં ઘઉંના ઉત્પાદનમાં સંભવિત ઘટાડો અને સરકારી ખરીદીમાં ઘટાડાથી ઘઉંના પીડીએસને અસર થવાની અપેક્ષા નથી. પી.ડી.એસઁઢજી સરળતાથી ચાલવાનું ચાલુ રાખશે. વાણિજ્ય મંત્રાલયના ડાયરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડએ શુક્રવારે રાત્રે તાત્કાલિક અસરથી ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. જો કે, તેણે નોટિફિકેશનની તારીખે અથવા તે પહેલાં જારી કરાયેલ માન્ય એલઓસી સાથે ઘઉંની નિકાસને મંજૂરી આપી છે. ખાદ્ય સચિવે કહ્યું, વૈશ્વિક માંગ વધી રહી હતી અને વિવિધ દેશો પ્રતિબંધો લાદી રહ્યા હતા. ધારણાઓ દ્વારા કિંમતો નક્કી કરવામાં આવી રહી હતી. અમને વિશ્વાસ છે કે, હવે ધારણાઓ પણ કિંમતોને નીચે લાવવા માટે કામ કરશે. આ દિવસોમાં ઘણા પ્રદેશોમાં વૈશ્વિક કિંમતો સાથે આયાત મોંઘવારી છે. ઘઉંના કિસ્સામાં પણ એવું જ થઈ રહ્યું હતું. ઘઉંના ભાવ આંતરરાષ્ટ્રીય સ્તર વધી રહ્યા છે. અન્ય દેશોના ઘઉં ૪૨૦-૪૮૦ ડોલર પ્રતિ ટનના ઊંચા ભાવે વેચાઈ રહ્યા હતા. તેમણે કહ્યું કે, આવી સ્થિતિમાં ભારતે વધતી જતી સ્થાનિક કિંમતોને નિયંત્રિત કરવા અને ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂકવો પડ્યો.

## દિલ્હીની આગકાંડમાં મૃત્યુ પામેલાના પરિવારજનોને મોરારિબાપુએ સહાય મોકલી



ભાવનગર, દિલ્હીના મુંડકા વિસ્તારના એક કોમર્શિયલ કોમ્પલેક્ષમાં બે દિવસ પહેલા ભયાનક આગ લાગી હતી. જેમાં ૨૭ થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. આગ એટલી ભયાનક હતી કે મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરવી મુશ્કેલ બની છે. ત્યારે આ ઘટનામાં હતભાગીઓને મોરારિબાપુએ સહાય મોકલી છે. પ્રત્યેક મૃતક વ્યક્તિના પરિવાજનોને રૂપિયા પાંચ હજારની સહાય મોકલવામાં આવી છે. દિલ્હીના મુંડકા વિસ્તારના એક કોમર્શિયલ કોમ્પલેક્ષમાં બે દિવસ પહેલા ભયાનક આગ લાગી હતી. જેમાં ૨૭ થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. ત્યારે મોરારિબાપુએ આ દુર્ઘટનામાં માર્યા ગયેલાઓને સંવેદના રૂપે પ્રત્યેક વ્યક્તિના પરિવાજનોને રૂપિયા પાંચ હજારની સહાય મોકલવા જણાવેલ છે. હાલમાં જેટલા લોકોની ઓળખ થઈ શકી છે એમના પરિવારજનોને દિલ્હી સ્થિત રામ કથાના શ્રોતા દ્વારા આ સહાયતા રાશિ પહોંચાડવામાં આવી રહી છે. જેમ જેમ મૃતકોની ઓળખ થતી જશે તેમ તેમ બાકીની રકમ પણ તેમના પરિવારજનો સુધી પહોંચતી કરવામાં આવશે. આ સહાયની કુલ રકમ એક લાખ પાંત્રીસ હજાર જેટલી થવા જાય છે. બાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી તેમના પરિવારજનોને દિલસોજી પાઠવ્યો હતો.

## રાજકોટમાં વીસીઈ કર્મચારીઓએ પડતર માંગણીઓને લઈને ધરણા કર્યા

રાજકોટ, રાજ્યના વીસીઈ કર્મીઓ દ્વારા વિવિધ માગોને લઈ વિરોધ કરાઈ રહ્યો છે. વીસીઈ કર્મીઓની માંગ છે કે, ગ્રામ પંચાયતોમાં વીસીઈ કર્મીઓને કમિશન મળે અને સરકારી કર્મીઓ જેટલું કામ કરીએ છીએ તો તેટલો પગાર મળે સાથે જ વીસીઈ કર્મીને પગાર ધોરણ આપવામાં આવે અને કાયમી કરી સરકારી લાભ આપવામાં આવે, આ ઉપરાંત વીસીઈ કર્મચારીઓની માંગ છે કે, કમિશન મળે સાથે જ તેઓ જેટલું કામ કરે છે તેટલો તેમને પગાર મળે. અને જે પગાર આપવામાં આવે છે. તેમા તો ભેદભાવ દૂર કરવામાં આવે છે. તથા તેમને કાયમી કરીને દરેક પ્રકારના સરકારી લાભ આપવામાં આવે. વીસીઈની હડતાળને કારણે ગામડાંઓમાં રેશનિંગ કાર્ડ, આવકના દાખલા, આયુષ્માન કાર્ડ, ૭-૧૨ ઉતારા સહિતની સરકારી યોજના સંલગ્ન મહત્ત્વની કામગીરીઓ ખોરવાતા ગ્રામજનોને રીતસર રઝળપાટ થઈ રહી છે. રાજ્યની તમામ ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ કેન્દ્રો આવેલા છે. અને તમામ ઈ-ગ્રામ કેન્દ્રમાં વીસીઈ કર્મી હોય છે. તેઓ રાજ્ય સરકારની તમામ યોજાના, સર્વેને લગતી ડિજિટલ કામગીરી, મહેસૂલ વિભાગની કામગીરી, નાગરિક અને અન્ન પુરવઠા વિભાગ અને ચૂંટણીને લગતી પણ કામગીરી કરે છે. તેમ છતાં સરકાર તરફથી લાભ આપવામા ન આવતો હોવાનો આક્ષેપ વીસીઈ કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યો છે.રાજકોટ જિલ્લા પંચાયત ખાતે વીસીઈ કર્મચારીઓ અર્થાત વિલેજ કોમ્પ્યુટર આંત્ર્યપ્રિન્યોર દ્વારા ધરણા કરવામાં આવ્યા હતા. જિલ્લાના અનેક ગામડાઓમાંથી વીસીઈ જિલ્લા પંચાયત કચેરી ખાતે પહોંચ્યા હતા. અને પોસ્ટર દર્શાવી સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. ગત ૧૧મી મેથી પોતાની પડતર માગણીઓના કારણે વીસીઈ દ્વારા હડતાળનુ એલાન કરવામા આવ્યુ છે.

## રાજકોટમાં બોટલિંગના કારખાનામાંથી ૧૨૦ બોટલ દારૂ ઝડપાયો

રાજકોટ, ગાંધીના ગુજરાતમાં રોજબરોજ ક્યાંકને ક્યાંક દારૂ પકડાતો જ હોય છે ત્યારે રાજકોટ શહેરમાં કારખાનાની આડમાં ચાલતા દારૂના વેચાણ પર યુનિવર્સિટી પોલીસે રેડ કરી વિદેશી દારૂનો જથ્થો કબ્જે કર્યો છે. રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલી બાપાસીતારામ સોસાયટી ખાતે ઉમા બોટલિંગના કારખાનામાંથી યુનિવર્સિટી પોલીસે વિદેશી દારૂની ૧૨૦ બોટલ સાથે એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસે અભય કનેરિયાની ધરપકડ કરી અલગ અલગ બ્રાન્ડની ૪૦,૮૦૦ કિંમતની ૧૨૦ નંગ વિદેશી દારૂની બોટલ કબ્જે કરી ફરાર આરોપી હરપાલસિંહ જાડેજાની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, ફરાર આરોપી હરપાલસિંહ જાડેજા અગાઉ પણ બે વખત પ્રોહિબિશનના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. જ્યારે પકડાયેલ આરોપી અભય પણ મહિલા પોલીસ સ્ટેશનના ખાતે શારીરિક-માનસિક ત્રાસ આપવા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. રાજકોટ પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા થોરાળા પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપી ઓસમાણ ખેભર યાજ્ઞિક રોડ પરથી પસાર થતો હોવાની ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવી પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા થોરાળા પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૩૮૬, ૫૦૬(૨) ૧૭૦ અને ૧૧૪ના ગુનામાં બે વર્ષથી નાસતા ફરતા આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઈ-મુદ્રા લિમિટેડનો ઈનિશિયલ પબ્લિક ઑફર ૨૦ મે ૨૦૨૨ના રોજ ખુલશે

અમદાવાદ : ડિજિટલ સિક્યુરિટી કંપની ઈ-મુદ્રા લિમિટેડ ("કંપની")એ પોતાના પ્રથમ પબ્લિક ઑફર માટે પ્રત્યેક શેર દીઠ Rs.૨૪૩ થી ઈજ.૨૫૬ની પ્રાઈઝબેન્ડ નક્કી કરી છે. કંપનીની આ ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ ("IPO" અથવા "ઑફર") સબસ્ક્રિપ્શન માટે ૨૦ મે ૨૦૨૨ના રોજ ખુલશે અને ૨૪ મે ૨૦૨૨ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછી ૫૮ ઈક્વિટી શેર માટે બીડ કરી શકે છે અને ત્યારબાદ ૫૮ ઈક્વિટી શેરના ગુણાંકમાં વધુ બીડ કરી શકે છે. આ IPOમાં કુલ ઈજ. ૧૬૧ કરોડના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યુ અને ૯,૮૩૫,૩૯૪ ઈક્વિટી શેર સુધી ઑફર ફોર સેલ (OFS) સામેલ છે. ઈ-મુદ્રા ભારતમાં સૌથી મોટી લાઈસન્સ પ્રાપ્ત સર્ટિફાઈંગ ઓથોરિટી ("સર્ટિફાઈંગ ઓથોરિટી" અથવા "CA") છે જે ફોર્સ્ટ એન્ડ સુલિવન રિપોર્ટ અનુસાર FY ૨૦૨૧માં ડિજિટલ હસ્તાક્ષર સર્ટિફિકેટ્સમા માર્કેટમાં ૩૭.૯% બજાર હિસ્સો ધરાવે છે, જેને તેના DRHP દસ્તાવેજમાં રજૂ કરવામાં આવ્યો છે. સુરક્ષિત ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં તે વન સ્ટોપ શોપ પ્લેયર છે. બેંગલુરુ સ્થિત આ કંપની વિવિધ ઉદ્યોગોમાં કામ કરી રહેલી વ્યક્તિઓ તેમજ સંસ્થાઓને ડિજિટલ ટ્રસ્ટ સેવાઓ અને એન્ટરપ્રાઈઝ ઉકેલો પૂરા પાડવામાં જોડાયેલી છે. (૩-૧)

## પ્રેમ બધું જ જીતી શકે છે તેનો અ ફ્રેન્ડશિપ પુરાવો છે!



અમદાવાદ, બેસ્ટ ફ્રેન્ડશિપ તે હોય છે તે પ્રેમથી મપાય છે અને અંતરથી નહીં. આપણા હાથમાં આજે સોશિયલ મિડિયા છે ત્યારે લાંબા અંતરની ફ્રેન્ડશિપને પણ જીવંત રાખવાનું આસાન બની ગયું છે. ખાસ કરીને સીમાપાર રહેતા વહાલાજનોની બાબતમાં. ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર જેવાં સોશિયલ મિડિયા મંચોને આભારી ફ્રેન્ડશિપને સમય અને અંતરની કસોટીમાંથી પાર થવું પડતું નથી. અમુક અમારા અમુક બોલીવૂડના એ- લિસર્સ છે, જેમણે સીમાપાર પ્રેમને જીવંત અને મજબૂત રાખ્યો છે.

ચા ઢોળવા સાથે કોફી પીવા માટે વિખ્યાત બોલીવૂડનો અત્યંત વહાલો કરણ જોહર ઉર્ફે કેજીઓ પાકિસ્તાની મોહિની, ખુદ ચુરૈલ, સરવત જિલાની સાથે સારી ફ્રેન્ડશિપ માટે જાણીતો છે. સરવત એરપોર્ટ પર તે કરણ સાથે ભટકાઈ ત્યારે તે સિદ્ધ થઈ ગયું હતું. તે બહુ ખુશ હતી અને તુરંત પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર સેલ્ફી શેર કરી અને પોતાનો રોમાંચ વ્યક્ત કર્યો. રાષ્ટ્રીય હાર્ટથ્રોબ અને દરેક છોકરીઓ જેની પર મરી મટે છે તે ફવાદ ખાન અને લેડી લવ આલિયા ભટ્ટ પણ વિશેષ જોડાણ ધરાવવાર કરવા માટે જાણીતી છે. (૧૯-૮)

DEBTS RECOVERY TRIBUNAL - II
(Ministry of Finance, Government of India)
3rd Floor, Bhikhubhai Chamber
18, Gandhi Kunj Society, Opp. Deepak Petrol Pump, Ellisbridge,
AHMEDABAD- 380006.
O.A. 535/2021 Exb. No. 07
Outward No. 1112/2022
NOTICE THROUGH PAPER PUBLICATION
ICICI BANK LTD. ...APPLICANT
VERSUS
VALJIBHAI THAKARSHIBHAI DALVADI ...DEFENDANT
TO,
VALJIBHAI THAKARSHIBHAI DALVADI
ADDRESS:
OUT SIDE MORBI GATE, KRUSHNA NAGAR, SURENDRA NAGAR, HALVAD-363330.
ALSO AT:
CHAMUNDA ENTERPRISE, SHOP NO. 53, MARKETING YARD, DHANGADHRA ROAD, SURENDRA NAGAR, HALVAD-363330.
WHEREAS the above named applicant has filed the above referred application in this Tribunal.
1. WHEREAS the service of Summons/ Notice could not be effected in the ordinary manner and whereas the application for substituted service has been allowed by this Tribunal.
2. Defendant are hereby directed to show cause as to why the Original Application should not be allowed.
3. You are directed to appear before this Tribunal in person or through an Advocate on 22.06.2022 at 10:30 A.M. and file the written statement / Reply with a copy thereof furnished to the applicant upon receipt of the notice.
4. Take notice that in case of default, the Application shall be heard and decided in your absence.
GIVEN UNDER MY HAND AND SEAL OF THE TRIBUNAL ON THIS 06TH MAY, 2022.
PREPARED BY REGISTRAR
CHECKED BY

**GLOBE TEXTILES (INDIA) LIMITED**
**(CIN: L65910GJ1995PLC027673)**
( Regd. Office:Plot No. 38 to 41, Ahmedabad Apparel Park, GIDC Khokhra, Ahmedabad, Gujarat - 380008 )
E-mail id: cs@globetextiles.net | website: www.globetextiles.net Contact No: 0091-79-22931881 to 1885

**Extract of Audited Financial Results for the quarter and year ended on March 31, 2022**
(Rs. In Lakhs) Except EPS and Face Value of Share)

| Particulars | Quarter Ended on 31.03.2022 Refere Note 2 (Un-audited) | Year Ended on 31.03.2022 (Audited) | Quarter Ended on 31.03.2021 Refere Note 2 (Un-audited) |
|---|---|---|---|
| Total income from operations | 12571.01 | 38556.23 | 8079.80 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 253.39 | 653.28 | 208.26 |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 253.39 | 653.28 | 208.26 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 234.39 | 513.55 | 78.38 |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 226.22 | 523.24 | 104.12 |
| Equity Share Capital | 3022.83 | 3022.83 | 1007.61 |
| Other Equity (Excluding Revaluation Reserve) | - | 1951.10 | - |
| Earnings Per Share (of Rs. 2/- each) (for continuing and discontinuing operations) | | | |
| Basic* | 0.23 | 0.50 | 0.08 |
| Diluted* | 0.23 | 0.50 | 0.08 |

*EPS is not annualised for the quarterly results.
**Notes:**
1. The financial results for the quarter and year ended on March 31, 2022 have been reviewed by the Audit Committee on 16th May, 2022 and recommended for adoption to the Board of Directors. The Board of Directors of the Company have considered and approved the same at its meeting held on 16th May, 2022.
2. The figures for the quarter ended March 31, 2022 and March 31, 2021 represent the difference between the audited figures in respect of the full financial year and the unaudited published year-to-date figures up to the third quarter of the financial year, which are subject to limited review.
3. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and DisclosureRequirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the the website of the Company (www.globetextiles.net) and on the website of NSE Ltd (www.nseindia.com).
4. Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules.

For, GLOBE TEXTILES (INDIA) LIMITED
Sd/-
Bhavik Suryakant Parikh
(Managing Director)
(DIN: 00038223)
Date: 16/05/2022
Place:Ahmedabad

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at- Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2 Published from 201-2, Nandan Com. Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahd-6 Edi.: Mayur Bhatt